# GUJARAT SAMACHAR

**God's own country**

**Date :** 6.2.2020 | **Edition : Ahmedabad** | **Page :** 3 | **Clip size (cm) : W:** 11 **H:** 4

---

# ગોડ્સ ઓન કન્ટ્રી એટલે કેરાલા



બાળકથી લઈને મોટી ઉંમર સુધીના દરેક વ્યક્તિ માટે કંઈક ખાસ અને મજેદાર જોઈતું હોય તો તેના માટે બેસ્ટ છે કેરાલા. આ સાથે હનિમૂનનો અનુભવ દરેક કપલ માટે જિંદગી ભરની યાદ બની જાય છે અને આજ કારણસર દરેક વ્યક્તિ હનિમૂન માટે સારી જગ્યા પસંદ કરવા માંગે છે. અહીંની પ્રકૃતિ, સંસ્કૃતિ તમારી નવી જિંદગીની શરૂઆતને વધારે રોમાંચક બનાવી દેશે. દક્ષિણ ભારતમાં આવેલ કેરાલા જેને લોકો 'ગોડ્સ ઓન કન્ટ્રી' ના નામે પણ પ્રખ્યાત છે. અહીંની હરિયાળી, કિનારે દૂર સુધી ફેલાયેલા નારિયેળના ઝાડ, બેકવૉટર પર ચાલતી હાઉસબોટ, ઝરણાં, આયુર્વેદની સુગંધ અને વાસ્તુકળાથી સુસજ્જ મંદિર મન મોહી લે તેવા છે.

## કપલ ટૂરની મજા તો એલેપ્પીમાં જ

ભારતમાં હનિમૂન ડેસ્ટિનેશનની વાત કરીએ તો કેરલ સૌથી વધારે લોકપ્રિય ડેસ્ટિનેશનમાંથી એક છે. પોતાના પ્રેમની સાથે હાઉસબોટમાં બેસવાથી વધારે રોમેન્ટિક બીજું કશું જ નથી હોતું. પાણી પર તરતા સુંદર દ્રશ્યોને પસાર થતા જોવા એ અદ્ભુત અહેસાસ છે. હાઉસબોટમાં પિરસાતી વિવિધ વાનગીઓ અને તેને ખાતા ખાતા વિહાર કરતું આ દ્રશ્ય તમને ફરીથી અહીંની મુલાકાત લેવા મજબૂર કરી દેશે. એલેપ્પીમાં જોવાલાયક સ્થળોમાં કુટ્ટાનાડ બેકવૉટર, કૃષ્ણાપુરમ પેલેસ, એલેપ્પી બીચ, કરુમડી અને મારારી બીચ છે.

## વન્યજીવનની અલભ્ય સફર કરાવતું થેક્કડી

થેક્કડીમાં તમે કુદરત દ્વારા વન્ય જીવનને ખૂબ નજીકથી જોઈ શકો છો. અહીં હાથી, વાઘ, હરણ, જંગલી ભેંસ જેવા પ્રાણીઓ જોવા મળશે. હાથીની સફારીની મજા પણ તમે લઈ શકો છો. જે એક અલગ પ્રકારનો અનુભવ છે. વન્યજીવોથી સાથે રહેવો આનંદ કોને ન ગમે આ સાથે અહીં ટ્રેકિંગની મજા પણ લઈ શકો છો. થેક્કડીના મુખ્ય આકર્ષણમાં પેરિયાર રિવર, મુરિક્કડી અને વેલ્લારીમલ્લી છે.



## કોચીનમાં રસપ્રદ ઐતિહાસિક સફરનો આનંદ



કોચીન એક એવું પર્યટન સ્થળ છે કે દરેક વ્યક્તિએ પોતાના જીવનકાળ દરમિયાન તેને એક વખત જરૂર જોવું જોઈએ. કોચીનને કોચ્ચી નામથી પણ ઓળખાય છે. કોચીનના જોવાલાયક સ્થળોમાં સુભાષ પાર્ક, મંગલવનમ પક્ષી અભયારણ્ય, મટ્ટનચેરી મહલ, મરીન ડ્રાઇવ, સેન્ટ ફ્રાંસિસ ચર્ચ, મ્યુઝિયમ ઓફ કેરાલા હિસ્ટ્રી તેમજ મસ્તકેદ મિલ્કી વે એક્કા ટૂરિસ્ટ વિલેજની મુલાકાત જરૂર લેજો.

## મુન્નારની સફારી લાઈફ માણો

ખૂબ જ નજીક નજીક ગોઠવાયેલી પર્વતમાળા અને અદ્ભુત દ્રશ્ય જોવા માટે અને હનિમૂન મનાવવા માટે આ હોટસ્પોટ છે. અહીં કપલને પહાડી પર ટ્રેકિંગ કરવાનો મોકો મળે છે. આ પહાડી સ્ટેશન પર પ્રકૃતિ ઉદાર રહી છે. જો કેરેલા ભગવાનનો દેશ છે તો મુન્નાર ભગવાનનો નિવાસ છે. જીવંત વનસ્પતિ અને જીવ, જંગલ લાઈફ, સાહસિક ખેલ, સુંદર ઝરણા છે. મુન્નારને ખરેખર કેરેલનું કાશ્મીર કહેવામાં આવે છે. મુન્નાર જતા પલ્લીવાસલ કોલસ, રાજમાલા, ઈકો પોઈન્ટ, પોતનમેડુ અને મીનુલીમાં ફરવાનું ચૂકશો નહી.